R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૯

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 18 •ISSUE: 19 DATE: 10-05-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?

હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭




બોકો હરામ દ્વારા નાઈજીરીયાની ૨૦૦ થી વધુ સ્કુલ કન્યાઓ અને મહિલાઓના અપહરણના મામલે સમગ્ર દેશમાં અને વિદેશોમાં અપહરણકારો સામે પગલાં લઈ આ બંધકોને છોડાવવાની માંગણી થઈ રહી છે.નાઈજીરીયામાં આ બાબતે ઉગ્ર પ્રદર્શનો થઈ રહ્યા છે.નાઈજીરીયાના પ્રમુખ ગુડલક જોનાથાને સીક્યુરીટીના અગ્રણીઓ સાથે આ બાબતે વાતચીત કરી હતી.તેમણે કહ્યું હતું કે આ બાબતે બધું જ કરવામાં આવશે અને આ બંધકોને મુક્ત કરાવવામાં આવશે.આ મીટીંગમાં સીક્યુરીટી ચીફ,બોર્નો સ્ટેટના અધિકારીઓ,અને ચીબોક ટાઉનના અગ્રણીઓ,તેમજ સ્કુલના પ્રિન્સીપાલ કે જયાંથી આ કન્યાઓનું અપહરણ કરવામાં આવ્યું છે તે તમામ સાથે પ્રમુખે ચર્ચાઓ કરી હતી.નાઈજીરીયાની સરકાર અને મીલીટરી ૧૫ એપ્રિલે થયેલ અપહરણ બાદ હજુ સુધી કોઈપણ કાર્યવાહી કરી શકેલ નથી.એવું કહેવાઈ રહ્યું છે કે આ અપહરણ કરાયેલ કન્યાઓ પૈકીની કેટલીકને બોકો હરામના આતંકીઓ સાથે લગ્ન કરવાની ફરજ પડાઈ છે.કેટલાક વાલીઓના જણાવ્યા પ્રમાણે માત્ર ૧૨ ડોલરમાં તેમની દીકરીઓને બોકો હરામે વેચી દીધી છે. જો કે સરકાર તરફથી કોઈ માહીતી મળેલ નથી.એક કોમ્યુનીટી લીડરના જણાવ્યા પ્રમાણે બોકો હરામ તરફથી બંધકોના છુટકારા માટે નાણાંની માંગણી કરાઈ રહી છે.જયારે કેટલાકનું કહેવું છે કે બંધકોને લઈને અપહરણકારો કેમરુન અને ચેડની બોર્ડરોમાં ઘુસી ગયા છે.

અમેરીકા તરફથી વાઈટહાઉસમાંથી જાહેરાત કરવામાં આવી હતી કે તેઓ મીલીટરી અને ઈન્ટેલીજન્સ પર્સન તેમજ બંધકોને છોડાવવા માટે મધ્યસ્થી અને ચર્ચા કરનાર વ્યક્તિઓને નાઈજીરીયાની સરકારને મદદ કરવા માટે મોકલી રહ્યા છે.વાઈટ હાઉસ સ્પોક્સ મેન જે કેરનીએ જણાવ્યું હતું કે ટીમમાં ટ્રુપને સામેલ કરવામાં આવશે નહી.તેમણે કેટલા સભ્યો જશે તે પણ જણાવ્યુ નહોતું.અથવા તો તેઓ કેવી કાર્યવાહી કરશે તે પણ જણાવ્યું નહોતું.

જો કે નાઈજીરીયા ઈસ્લામીક ટેરરીસ્ટ લીડર તરફથી જણાવાયું હતું કે તેઓ આ છોકરીઓને વેચી દેશે.બોકો હરામના નેતા અબુબકર શેકાઉ એ આ અપહરણ બાબતે પોતાની જવાબદારી સ્વીકારી હતી.તેણ કહ્યું હતું કે અલ્લાહની મહેરબાનીથી હું આ છોકરીઓને વેચી દઈશ,મારી પાસે તેમને વેચવા માટે બજાર ઉપલબ્ધ છે.






સેન્જીયંગ વેન્ઝહોયુ ચર્ચ,ચીનમાં સરકાર દ્વારા તોડી પાડવામાં આવ્યું તેનું દ્રશ્ય : ટેલીગ્રાફ કો.યુકે સૌજન્ય

## સીરીયામાં ખ્રિસ્તીઓએ રહેવું હશે તો જબજસ્તીથી ઈસ્લામીક કાયદાઓને પાળવાનો કરાર કરવો પડશે

રકાહ,સીરીયામાં રહેતા ખ્રિસ્તીઓને ઈસ્લામીક કટ્ટરવાદીઓના સંગઠને ઈસ્લામીક કાયદા પાળવા માટેનો કરાર તૈયાર કર્યો છે જેમાં તેમની જબરજસ્તીથી સહી કરાવવામાં આવી રહી છે.હાલમાં રકાહ સીટી જે ઈસ્લામીક એક્સટ્રીમીસ્ટોના કબજામાં છે.ધ ઈસ્લામીક સ્ટેટ ઓફ ઈરાક અને એશ -શામ (આઈએસઆઈએસ)દ્વારા આ કાયદાઓને એક કરારનું સ્વરુપ આપવામાં આવ્યું છે.જેમા ખ્રિસ્તીઓના લીડરોને સહી કરવા ફરમાન જારી કરવામાં આવ્યું છે. જેમાં ત્રણ પ્રકારના ઓપ્શન આપવામાં આવ્યા છે.પ્રથમ ઈસ્લામ ધર્મનો અંગીકાર કરી ધર્મ પરિવર્તન કરો અને સલામત રીતે જીવો.નહિતર તેને ઈસ્લામના શત્રુ માનવામાં આવશે.આ કરારને એક્સટ્રીમીસ્ટની વેબસાઈટ પર મુકવામાં આવ્યો છે.બીજા ઓપ્શનમા જણાવ્યા પ્રમાણે ખ્રિસ્તીઓએ જીઝયા વેરો ચુકવવાનો છે.આ ખાસ પ્રકારનો ટેક્ષ છે.અને આ પ્રકારનો ટેક્ષ ભર્યા બાદ ખ્રિસ્તીઓ તેમની ધાર્મિક આસ્થા કે પ્રાર્થના વિધિનો ખાનગીમાં એટલે કે મુસ્લીમોની નજર ના પડે તે રીત કરવાની છે.ખાનગીમાં તેઓ ઈબાદત કરી શકશે.

કોઈપણ પ્રકારના ખ્રિસ્તી સિમ્બોલ જાહેરમાં દેખાડી શકાશે નહી.ઈસ્લામીક ધાર્મિક વિધિઓ અનુસાર તેમણે ડ્રેસકોડ અને જમણવારના નિયમોનું પાલન કરવું પડશે.આ ઉપરાંત તેઓ પોતાના ધાર્મિક સ્થળો બાધી શકશે નહી તેમજ તેનું રીપેરીંગ પણ કરી શકશે નહી,કે જે તોફાનો દરમિયાન ક્ષતિગ્રસ્ત બન્યા છે તે. આ પ્રકારની સીસ્ટમ જાહેરમાં ચાલતી નહોતી પરંતુ ખાનગીમાં તે હતી પરંતુ જયારથી આ કટ્ટરવાદીઓએ સીટીનો કબજો પુરેપુરો લઈ લીધો છે ત્યારબાદ તેમણે આ કરારને જાહેરમાં મુકયો છે.રકાહમાં ૨૦૧૧માં ૩ હજાર જેટલા ખ્રિસ્તીઓની વસ્તી હતી. કે જે કુલ વસ્તીના ૧ ટકા જેટલી હતી

## વારાણસીમાં તમામ પક્ષોએ રોડ શોનું આયોજન કર્યું

લોકસભાની ૨૦૧૪ની ચુંટણીમાં વારાણસી ખાતે ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદી ઉભા રહ્યા છે. તો તેમની સામે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અરવિંદ કેજરીવાલ ચુંટણી લડી રહ્યા છે.જયારે કોગ્રેસના ઉમેદવાર રાય ત્યાના સ્થાનિક વિધાનસભામાં ચુંટાએલ ધારાસભ્ય છે.ભારતીય જનતા પાર્ટીએ રોડ શો માટે માંગેલ પરવાનગી સત્તાવાળાઓ તરફથી આપવામાં આવી નહોતી.પરિણામે ચુંટણી પંચ સામે બાંયો ચઢાવી હતી.પરંતુ તેમણે પોતાનો રોડ શો અન્ય રીતે કર્યો હતો અને લોકોમાં પોતાની ધાક બેસાડવા પ્રયત્ન કર્યો હતો.સ્થાનિક પ્રશાસને સીક્યુરીટીના મામલે પરવાનગી આપી નહોતી તેવી બાબત ભાજપે સ્વીકારી નહોતી. પરંતુ ત્યારબાદ અરવિંદ કેજરીવાલ ,યુપીના મુખ્યમંત્રીએ અને કોગ્રેસના રાહુલ ગાંધીએ પણ રોડ શો કર્યા હતા.દરેક પક્ષે પોતાની તરફેણમાં મતદારોને લાવવા માટે આ રોડ શો કર્યા હતા.જો કે વારાણસીમાં આટલી પ્રજા રહેતી નથી કે જેઓ રોડ શોમાં કામધંધો મુકીને આ લોકોના રોડશોમાં જોડાય.એ વાત નક્કી થઈ ગઈ કે તમામ લોકોએ લોકોને એકઠા કરવા માટે અન્ય કોઈ પ્રેરક બળનો ઉપયોગ કરીને મતદારોના મનમાં મુંઝવણ ઉભી કરી લાભ લેવાનો પ્રયત્ન કર્યો છે.માયાવતીએ પણ પોતાનું જોર લગાવવવા માટે જોર લગાવ્યુ છે અન હવે આ બધાની અસરો કેવી મતદારો પર પડી છે તે પરિણામ બાદ જાણવા મળશે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

૨૦૧૪માં યોજાયેલ લોકસભાની ચુંટણી ભારતને આઝાદી મળ્યા બાદ થયેલ ચુંટણીઓમાં એક નોખા પ્રકારની ચુંટણી બની રહી છે.કોગ્રેસે કેટલાક દસકાઓ સુધી રાજ્ય કર્યા પછી,વિરોધ પક્ષોને સત્તા સ્થાને બેસવાનો મોકો મળ્યો. અને આ સત્તાનો સ્વાદ એવો લાગ્યો કે કોઈ પણ પ્રકારે સત્તા પર બેઠેલાને ગબડાવીને સત્તા હાંસલ કરવાની મુરાદે ચુંટણીનો માહોલ વિચિત્ર બનાવી દીધો.આ ચુંટણીમાં બધાજ સારા નરસા વિવેકોને ભુલાવી દેવાયા અને માત્ર ને માત્ર ચુંટણી જીતવાના જંગ માટે ગમે તેમ કરી શકાય તેવું સાબિત કરી દેવાયું.ભારતીય જનતા પાર્ટીનું અસ્તિત્વ કેટલાક રાજ્યો પુરતું હતું પરંતુ આ વખતના ચુંટણી પ્રચારે ભારતીય જનતા પાર્ટીને દેશના ખુણે ખુણે પોતાનો વ્યાપ વધારી દીધો તેમાં લેશ માત્ર શક નથી.ભારતીય જનતા પાર્ટીના અટલ બિહારી બાજવાઈ બાદ નરેન્દ્ર મોદીએ ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં પલ્લુ નમાવ્યું તેનો કોઈ અસ્વીકાર કરી શકે તેમ નથી.

## મંતવ્ય

લોકસભાની ચુંટણીનો છેલ્લો તબક્કો હવે પુરો થવાની તૈયારીમાં છે.હવે માત્ર ૧૫મી તારીખે થનાર મતગણત્રીઓમાં કોનો વિજય રથ આગળ દોડશે તે ખબર પડી જશે.જે પ્રમાણે ભારતીય જનતા પાર્ટીને પુરો ભરોસો છે કે તેઓ આ ચુંટણીમાં બહુમતી એકલે હાથે પ્રાપ્ત કરીને સરકાર રચી શકશે.તો એ ભરોસો મતગણત્રી બાદ જ ખબર પડી શકશે.ત્રીજો મોરચો રચાય છે તે પણ ચુંટણી પરિણામો બાદ જ ખબર પડી શકશે.જો ભારતીય જનતા પાર્ટીની સરકાર રચાય અને વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી સરકાર રચે તો તે બાદ દેશના રાજકારણ શું ઉથલપાથલો થશે તે જોવાનું રહેશે. પાડોશી રાજ્યો સાથે કેવા પ્રકારનું વર્તન આ સરકાર કરશે તે ભવિષ્યમાં ખબર પડશે પરંતુ અત્યાર સુધીમાં આ ગણીત પર લોકોને એવું લાગે છે કે આવી સરકાર રચાય તો દેશનું ભાવિ જોખમમાં રહેશે. પરંતુ જેવું માનીએ છે તેવું ના પણ બની શકે.કદાચ ભાજપા વધુ સારી સરકાર આપી પણ શકે. અથવા આર્થિક સંકડામણમાં દેશને ચલાવવા માટે તેમણે વધુ કસરતો કરવી પડે.ખેર,બહુ દુર દિલ્હી નથી.થોડાક કલાકો બાદ આપણને ખબર પડવાની છે.ખેર આપણે એવું ઈચ્છીએ કે દેશના હિતમાં જે કંઈ થાય તે સારુ થાય.

મહેશભાઈ પી. પરમાર

## જાણવા જેવું !

૧૯૨૭માં આવેલી સાઈલેન્ટ ફિલ્મ મેટ્રોપોલીનના પોસ્ટરની ૨૦૦૫માં હરાજી કરવામાં આવેલી તેમાં તેના ૬૯ કરોડ રૂપીયા ઉપજ્યા હતા. આ ફિલ્મના પ્રમોશન માટે માત્ર ૪ પોસ્ટર જ તૈયાર કરવામાં આવ્યા હતા.

અનુ. પાન નં ૪ નુ ચાલુ

સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ ()સૌ.સંદેશ)


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધું પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૦)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૩૧૪ | એમએસડબલ્યુ,એમબીએ(એચઆર)લંડન | ૧-૪-૮૫ | - | સીએનઆઇ | કુંવારા |
| ૩૧૫ | બીઈ(મીકેનીકલ) | ૨૦-૧૨-૭૮ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૬ | ડીપ્લો.ઈલે.એન્જી.બીબીએ(લંડન) | ૧૧-૬-૮૬ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૩૧૭ | બીઈ કોમ્પ્યુ.એન્જી. | ૨૩-૧૦-૮૫ | ૬૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૮ | એમસીએ | ૨૧-૯-૮૩ | ૧૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૯ | એમએસસી,માઈક્રો.બીસીએ કોમ્પ્યુ. | ૨૫-૧-૮૦ | ૨૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૦ | ૧૨પાસ,હાર્ડ,નેટ કોમ્પ્યુ.ડીપીપીપીજીડીએમ. ડીસીએ,ઓફીસ મેનેજમેન્ટ કોર્ષ | ૨૮-૩-૮૭ | ૧૦૫૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૧ | બીકોમ.ડીપ્લો.ઈન્ડ્ર.મટી.મેનેજમેન્ટ | ૧૬-૧૦-૮૩ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૨ | એમસીએ,એમએસસી(આઈટી) | ૨૪-૨-૯૦ | ૨૪૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૩ | બીએસસી.કેમેસ્ટ્રી પીજીડીસીએ,આઈબીએમ, એસીઈ(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૩ લાખ | મેથો. | કુંવારા |
| ૬૩૧ | ૧૨ પાસ | ૩-૯-૮૧ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૨ | ૯ પાસ | ૧૬-૮-૭૯ | ૬૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૬૩૩ | બી.એ. | ૧૬-૮-૭૯ | ૧૫૦૦૦ | બ્રધરન | કુંવારા |
| ૬૩૪ | બીકોમ.પીજીડીસીએ | ૧-૭-૮૭ | ૭૨૫૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૫ | બી.એડ. | ૩-૯-૮૪ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૬૩૬ | એમ.એ. બી.એડ. | ૨-૯-૮૧ | ૮૭૫૦ | સા.આર્મી. | કુંવાારા |
| ૬૩૭ | બીકોમ. | ૬-૮-૮૫ | ૧૩૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૬૩૮ | પીટીસી.એમએ વીથ ઈગ્લીસ. | ૧૨-૫-૮૬ | ૫૩૦૦ | મેથો. | કુંવારા |
| ૨૨૩ | બીએ. | ૧૮-૭-૭૫ | ૧૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૨૨૪ | ૧૨ પાસ | ૩-૧૧-૭૮ | ૧૦૮૦૦ | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૨૫ | ૮ પાસ | ૧૫-૭-૩૭ | ૧૪૮૦૦ | મેથો. | વિધુર |
| ૨૨૬ | બીકોમ.એમબીએ,ડીપ્લો.બિઝનેસ મેને.(ઓસ્ટ્રે.) | ૨૩-૫-૮૧ | - | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૨૭ | ૧૨ પાસ,હોટલ મેનેજમેન્ટ કોર્ષ | ૧૭-૪-૮૨ | ૧૨૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૨૮ | ૧૨ પાસ. ઈકોનોમીક. | ૨૨-૭-૬૮ | ૧૨૦૦૦ | આઈ.પી. | છુટાછેડા |
| ૨૨૯ | ૧૨ પાસ | ૧૬-૮-૭૯ | ૬૦૦૦૦ | સીએનઆઇ | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૦) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨૨ | બીએસસી.ફીઝીક્સ.એમએ(જર્ના)એમબીએ(ચાલુ) | ૩૧-૩-૮૨ | - | આર.સી. | કુંવારા |
| ૩૨૩ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૦-૧૨-૮૭ | ૧૪૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૨૪ | જીએનએમ ૩૧/૨ નડીયાદ મેથોડીસ્ટ | ૧૬-૩-૯૭ | ૯૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૨૫ | ૧૨ સાયન્સ.બીસીએ,એમએચઆરએમ. | ૧૭-૧૨-૮૭ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૬ | ડોકટર, ઈન આરોમા થેરાપી. | ૪-૮-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૩૨૭ | જીએનએમ.બીએસસી રનીંગ | ૨૦-૧-૮૫ | ૧૪૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૨૮ | બીએસસી.ઈસી.ડીપ્લો.બીટેક,એમએસ.હાર્ડનેટ | ૧૯-૧૧-૮૬ | ૭૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૨૯ | બીસીએ.એમઈબી,માસ્ટર ઈન ફાઈનાન્સ એન્ડ ઈનવેસ્ટમેન્ટ બેકીંગ લંડન,એચઆરએમ લંડન | ૧૮-૧૧-૮૨ | ૩૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૩૦ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૧૮-૨-૯૦ | ૮૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૧ | જીએનએમ ૩ ૧/૨ વર્ષ | ૨૫-૨-૮૭ | ૧૨૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૧૭ | બીસીએ.ઓસીપી | ૧-૧૦-૮૧ | ૧૫૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૧૪ | પીટીસી,બીએ,બીએડ.બી.ડાન્સ.એમએ ચાલું | ૧-૧૦-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૫ | બી.એ. | ૪-૧૧-૮૯ | - | આર.સી. | કુંવારા |
| ૪૧૬ | ૯ પાસ | ૩-૧૧-૮૬ | ૬૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૧૮ | એમએ,બીએડ.(ઈગ્લીસ) | ૫-૬-૮૫ | ૯૪૪૦ | આર.સી. | કુંવારા |
| ૪૧૯ | બીએ બીએડ. | ૬-૩-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૪૨૦ | પીટીસી.બીએસસી.બીએડ | ૫-૬-૮૭ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૪૨૧ | એમએ.બીએડ. | ૬-૧૦-૭૯ | ૩૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૪૨૨ | ૧૦ પાસ | ૧૫-૬-૮૦ | ૩૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૪૨૩ | એમએસસી.રીટેલશોપ મેનેજ.કોર્ષ,એમબીએ ચાલુ | ૧૪-૪-૭૮ | ૧૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૧૬ | બીકોમ.ઈગ્લીંસ મીડી.એમબીએ ફાયનાન્સ. | ૧૩-૯-૮૬ | ૩૦૦૦૦ | સીએનઆઇ | કુંવારા |
| ૩૩૨ | જીએનએમ ૩ ૧/૨વર્ષ | ૧૦-૪-૮૪ | ૧૩૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૩૮ | પીટીસી.બીએ. | -૫-૫-૭૭ | ૩૦૦૦૦ | આર.સી. | વિધવા |
| ૧૩૯ | એમ.કોમ.ટેલ.ઈઆરપી.૯ | ૧-૫-૭૬ | ૮૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર


**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે


(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)**visit by appointment only**

## સાઉથ કોરીયા ખાતે એક ફેરી પેસેન્જર બોટ ડુબી જતાં અનેક લોકોના મરણ થયા હતા



સાઉથ કોરીયા ખાતે એક ફેરી પેસેન્જર બોટ ડુબી જતાં અનેક લોકોના મોત થયા હતા.જેમાંથી ૧૮૩ જેટલા શબો મળી આવ્યા હતા. હજુ પણ ૧૧૯ જેટલા લોકો લાપત્તા છે.કેટલાક કુટુંબીજનોને સત્તાવાળાઓ તરફથી શબની સોપણી કરવામા આવી હતી અને તેની દફનવિધિ પણ કરી દેવાઈ હતી,જેમાં પાછળથી ભુલથી અન્યના શબો અપાઈ દેવાયા હોવાનું જાણવા મળ્યુ હતું. એક છોકરીના પિતા પેક યંગ વુને કોસ્ટ ગાર્ડ તરફથી સુચના અપાઈ હતી કે તેમની દિકરીનું શબ મળી આવ્યું છે.અને તેને દરિયામાંથી બહાર કાઢવામાં આવ્યું છે. પરંતુ જ્યારે આ પિતા હોસ્પીટલમાં તપાસ કરી હતી ત્યારે તેમને ખબર પડી હતી કે જે શબ મળ્યું હતું તે તેમની દીકરીનું નહોતું.આ દુર્ઘટનાની અસરો એટલી વ્યાપક બની હતી કે આ દેશના વડાપ્રધાનને રાજીનામું આપવું પડ્યું હતું.તાજેતરમાં બનેલી આ મોટી દુર્ઘટના હતી.

## મોદીને જીતાડવા વારાણસી તરફ થઇ રહેલ ધસારો

ભાજપના કાર્યકરોના ટોળાં મોટી સંખ્યામાં ઉત્તરપ્રદેશની વારણસી નગરી ભણી રવાના થઈ રહ્યા છે.આ સીટ પરથી ભાજપના વડાપ્રધાનપદ ના ઉમેદવાર મોદી ચુંટણી લડી રહ્યા છે.સૌથી વધુ ફાયદો વિમાની સેવાને મળ્યો છે.તેમણે ભાડના દરો એકદમ વધારી દીધા છે.ટ્રેનોમાં પણ બુકીગ ફુલ છે. વેકેશનની સીઝનમાં ટીકીટો ઉપલબ્ધ થતી નથી.ઉત્તર ભારતીયો વતન ભણી જવા ધસારો કરી રહ્યા છે ત્યારે ભાજપના કાર્યકરો પણ ટ્રેનોમાં ટીકીટો લેવા પડાપડી કરી રહ્યા છ.ટ્રેનની ટીકીટોના બુકીગ એજન્ટોની ધીકેળા થઈ રહ્યા છે.ટીકીટોના કાળા બજાર થઈ રહ્યા હોવાના સમાચારો વહેતા થયા છે.

ભાજપની ચુંટણી સભાઓમાં મોદીની ભવ્યતા દેખાય રહી છે.અને લોકો પર તેમના પ્રચારની અસર પણ દેખાઈ રહી છે.ચુંટણી પ્રચારમાં કાળા નાણાંનો વ્યવહાર ચુંટણી પંચ રોકી શકે તેમ નથી. દેશની મોટા ભાગની ચુંટણીઓ પતી ગઈ છે અને હવે મોટાગજાની ચુંટણી માત્ર વારાણસીમાં લડાવાની છે. દેશના મોટાભાગના ભાજપના સેવકો અને સંઘના કાર્યકર્તાઓ વારાણસીમાં મોદીને જીતાડવા માટે ઉતરી પડશે તેમાં કોઈ શક નથી.મોટાભાગનો ચુંટણી માહોલ શાંતિથી પત્યો છે.તે એક સારી બાબત છે.

## પાકિસ્તાનમાં ધર્મપરિવર્તન કરવાની મનાઇ કરતાં ખ્રિસ્તી યુવકની હત્યા




પાકિસ્તાનમાં કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તી યુવકને ઈસ્લામ ધર્મનો અંગીકાર કરવાની જબરજસ્તી કરવા છતાં ધર્મ પરિવર્તનની મનાઈ કરતાં ખ્રિસ્તી યુવકને ઠાર મારવામાં આવ્યો હતો. આ ખ્રિસ્તી યુવકનું નામ હારુન હતું જે ૨૨ વર્ષનો હતો.એડવોકેસી ગ્રુપ,સેન્ટર ફોર લીગલ એઈડ એન્ડ સેટલમેન્ટ ઈન ધ યુકે, તરફથી પ્રસારિત કરેલ સમાચાર મુજબ, હારુને તાજેતરમાં લાહોર ખાતે રોડ સ્વીપર તરીકે કામ કરવાનું શરુ કર્યું હતું.જ્યાં તે મુસ્લીમ સીક્યુરીટી ગાર્ડ ઉમર ફારુક સાથે કાર્ય કરી રહ્યો હતો.ફારુક હારુનને તેના ખ્રિસ્તી વિશ્વાસને રોજબરોજ ટકોરતો હતો.અને તેને ઈસ્લામ ધર્મ કબુલ કરી ખ્રિસ્તી ધર્મને તિલાજંલી આપવા માટે દબાણ કરતો હતો.તે હારુનને સમજાવતો પણ હતો કે તે એક સુંદર યુવાન છે અને તેણે ઈસ્લામ ધર્મનો સ્વીકાર કરવો જોઈએ.ફારુકે હારુનને સારુ જીવન જીવવા માટે અને સુંદર મુસ્લીમ યુવતી સાથે લગ્ન કરાવવાનું વચન પણ આપ્યું હતું.પરંતુ હારુને આ બાબતને જરાયે પણ દરકાર લીધી નહોતી.અને ધર્મ પરિવર્તન કરવાનો નકાર કર્યો હતો.

જ્યારે હારુને આ બધી બાબતો અંગેની વાત તેના પિતાને કરી,ત્યારે પિતાએ હારુનને સલાહ આપી હતી કે આ બધી બાબતો ઉપર વિચાર કરવો નહી.એપ્રિલ ૧૬,૨૦૧૪ના રોજ હારુન કામ પર ગયો અને ફારુકે ફરીથી તેને ધર્મ પરિવર્તન કરવાની વાત કરી અને ખુબ દબાણ પણ કર્યું.હારુને ફારુકને ખુબજ નમ્રતાથી કહ્યું હતું કે શા માટે તે તેના પર ધર્મપરિવર્તન કરવા માટે દબાણ કરી છે.હારુને આ દબાણને નકારતા પોતાનો વિચાર જણાવ્યો કે તે કોઈપણ સંજોગોમાં ધર્મ પરિવર્તન કરશે નહી.તે માત્ર ઈસુ ખ્રિસ્તનો અનુયાયી બની ને જ રહેવા માંગે છે.આ બાબત સાંભળીને ફારુકે હારુનને માથામાં ગોળી મારી દીધી હતી.અને હારુનનું સ્થળ પર જ મોત થયું હતું.ત્યાર બાદ ફારુકે બુમો પાડી હતી કે હારુને આત્મહત્યા કરી છે. ધાર્મિક કટ્ટરતાવાદનું ઝેર કોમવાદીઓ એટલું વ્યાપક બનાવી દીધું છે કે તેને અસરમાંથી લોકોને મુક્ત કરવા અઘરા પડે તેમ છે.આખા વિશ્વમાં આ ઝેર ધીમે ધીમે પ્રસરી ગયું છે.ભારતમાં પણ ધાર્મિક કટ્ટરતાવાદનું પાયેલું અફીણ ધીમે ધીમે કાતિલ ઝેરની માફક પ્રસરી રહ્યું છે.જે દેશની અખંડીતતા અને એકતાને નુકશાનકારક છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# ટુ બી ઓર નોટ ટુ બી,જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઇ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાકયમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્વિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબોશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઈ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જયારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દૃષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યું છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુ:ખ સામે રક્ષણ આપે છેકારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઈ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ઘરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯),પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮),બેરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે.

અનુ. પાન નં ૨ ઉપર

# ૨૦૧૩માં ભારતના દસ રાજ્યોમાં સૌથી વધુ ખ્રિસ્તીઓની સતાવણી થઇ હતી

તાજેતરમાં મુંબઈ સ્થિત એક કેથોલીક સોશ્યલ ફોરમ (સીએસએફ) દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ રીપોર્ટમાં જણાવાયું હતું કે ભારતના કુલ રાજ્યો પૈકીના ૧૦ રાજ્યોમાં ખ્રિસ્તીઓની વધુ સતાવણી થઈ હતી.કર્ણાટક રાજ્ય આ રાજયોમાં સહુ પ્રથમ સ્થાન રહ્યું હતું.સરકાર બદલાવા છતાં આ રાજ્યમાં સતાવણીનો ક્રમાંક ઘટ્યો નહોતો.કર્ણાટકમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ ૪૩ કેસો નોધાયા હતા.જેમાં હિંસક હુમલાઓ સામેલ છે.કુલ દેશમાં નોધાયેલ હુમલાઓ ૨૦૦ પૈકી કર્ણાટક રાજ્યમાં ૪૩ નોધાયા હતા.બીજા ક્રમે મહારાષ્ટ્ર આવે છે. નવી હિંદુ પ્રયોગશાળા તરીકે જેનું નામ લેવાય છે તે મહારાષ્ટ્ર રાજ્યમાં ૨૫ બનાવો નોધાયા હતા.આંધ્ર પ્રદેશમાં ૨૫ કેસો અને ઓડીસામાં ૧૪ કેસો મુખ્યત્વે મોખરે હતા.

આ રીપોર્ટ પ્રકાશિત કરવામાં આવ્યો તે બુકનું શિર્ષક ''ધ સીએસએફ ઈન્ડીયા રીપોર્ટ ઓન ક્રિશ્ચિયન પર્સીક્યુશન ૨૦૧૩'' આપવામાં આવ્યું હતું.જેના લેખક તરીકે જોસેફ ડાયસ,જનરલ સેક્રટરી, સીએસએફ છે જેમણે આ તમામ હુમલાઓ અંગેની વિગતો પ્રકાશમાં મુકી છે.આ આકસ્મિક હુમલાઓ નથી પરંતુ ચોક્કસ હેતુથી યોજનાબધ્ધ કરવામાં આવેલ હુમલાઓ છે.અને કોઈ સંસ્થાએ ધ્યેય પુર્વક કરાયા હોવાનું મનાય છે.રીપોર્ટમાં જણાવ્યા મુજબ કેટલાક હુમલાઓ નોઘવામાં આવ્યા નથી તેની પાછળ કેટલાક કારણો પણ છે.

જે ૧૦ રાજ્યોમાં ખ્રિસ્તીઓ પર હિંસક હુમલાઓ કરવામાં આવ્યા તે નીચે મુજબ છે. ૧. કર્ણાટક (૪૩), ૨.મહારાષ્ટ્ર (૨૫),૩. આંધ્ર પ્રદેશ (૨૫) ,૪. ઓડીસા (૧૪), ૫.છત્તીસગઢ (૧૩), ૬.મધ્યપ્રદેશ (૧૧),૭.તામીલનાડુ (૧૦) ૮.કેરાલા (૧૦),૯.રાજસ્થાન (૬), ૧૦.ન્યુ દિલ્હી (૫)

ભારતભરમાં કુલ ૨૦૦ જેટલા હિંસક હુમલાઓ ખ્રિસ્તીઓ પર ૧૯ રાજયોમાં કરવામાં આવ્યા.જેમાં ખુન,બળાત્કાર અને અપમાન,ધરપકડ અને જેલવાસ માત્ર ખ્રિસ્તી આસ્થાને વિશ્વાસને કારણે થયા છે.બીજા કેટલાક રાજ્યોમાં સતાવણી ખુબજ ઉગ્ર આકાર લઈ રહી છે તેમા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ,ઝારખંડ,જમ્મુ અને કાશ્મીર, વેસ્ટ બેંગાલ, ગુજરાત,મણીપુર,ત્રીપુરા અને આસામ મુખ્યત્વે છે.આ રીપોર્ટના આધારે તમામ સત્તાવાળાઓને વિનંતી કરાઈ છે તેઓ ખ્રિસ્તીઓની થતી હેરાનગતિ કે સતાવણીને રોકવા માટે અસરકારક પગલાં ભરે


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
**ગીડીયોન પોલ પરમાર**
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭, ૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોન: ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

★ **નીલા ફાઇનાન્સ** ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
*નીલા સી.ગામડીયા*
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.